દિવ્ય ભાસ્કર
divyabhaskar.com

લેંગ્વેઝ પોર્ટલ ગુજરાતીલેક્સિકન દ્વારા ભાષાના પ્રમોટ કરવાના હેતુથી પાંચ ફ્રી મોબાઇલ એપ્લીકેશન્સ લોન્ચ કરી.

શું તમે ફોનમાં ક્રોસવર્ડ અને  અને ગેમ રમવાના શોખીન છો? જો હા, હોય તો હવે તમારું ગુજરાતીનું જ્ઞાન ઇમ્પ્રુવ કરવા માટેનો મોકો તમને આપવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, ગુજરાતી લેંગ્વેઝ પોર્ટલ ગુજરાતી લેક્સિકન દ્વારા ગુરુવારે પાંચ ફ્રી મોબાઇલ એપ્લીકેશન્સ લોન્ચ કરવામાં આવી છે. જેની મદદદથી તમે ગેમ્સ, ક્વીઝ અને ગુજરાતી ક્રોસવર્ડ સોલ્વ કરી શકશો.

આ એપ્લીકેશન પાછળનો એક માત્ર હેતુ ભાષાને પ્રમોટ કરવાનો છે. આ એપ્લીકેશનમાં જીએલ ડિક્શનરી, જીએલ પ્લસ, જીએલ લોક્કોસ, જીએલ ગેમ્સ અને જીએલ સ્પેશિયલનો સમાવેશ થાય છે. જે બ્લેકબેરી અને એન્ડ્રોઇડ બેઇઝ ફોનમાં ચાલશે. આગામી સમયમાં તે આઇફોનમાં પણ ઉપલબ્ધ થશે.

ગુજરાતી મોબાઇલ એપ્લીકેશન વિશે વધુ જાણવા ફોટો સ્લાઇડ કરતાં જાવ....



*This page printed from: http://www.divyabhaskar.co.in/article/MGUJ-AHM-c-69-935069-NOR.html?seq=1&HF=&storyid=8384830*

**આ મોબાઇલ એપ્સથી ગુજરાતી ભાષા સાથેનો નાતો બનશે દ્રઢ**

ગુજરાતી લેક્સિકનના અશોક કરાણીયએ જણાવ્યું હતું કે, અમે હજારો મોબાઇલ યુઝર્સને ધ્યાનમાં રાખીને ગુજરાતીલેક્સિકનની મોબાઇલ એપ્સ લોન્ચ કરી છે. આ એપ્સની મદદથી ગુજરાતીનું જ્ઞાન વધશે અને તેમનો ભાષા સાથેનો નાતો દ્રઢ બનશે. તેમજ તેઓ ગેમ રમી શકશે અને ક્વીઝ તથા અન્ય ફિચર્સ સાથે તેમના ફોન્સ અને ટેબલેટ્સની મજા માણી શકશે.

જીએલ ડિક્શનરીની વાત કરીએ તો તેમાં ઇંગ્લિશ ટુ ગુજરાતી, ગુજરાતી ટુ ઇંગ્લીશ અને ગુજરાતી ટુ ગુજરાતી વર્ડની સુવિધા આપવામાં આવી છે. જીએલ પ્લસ એપ્લીકેશન્સમાં કહેવત, મુહાવરા, સમાનાર્થી-વિરોધી શબ્દો વગેરે ઉપલબ્ધ કરાવશે

જીએલ સ્પેશિયલ એપ્લિકેશન દ્વારા પ્રસિદ્ધ વ્યક્તિઓની પ્રોફાઇલ, પક્ષીઓની માહિતી અને ગુજરાતી ગ્રામર અંગે માહિતી આપશે.

જીએલ ગેમ્સમાં પ્રસિદ્ધ ગેમ્સ હશે, જેમાં ક્વીક ક્વિઝ અને ક્રોસવર્ડનો સમાવેશ થાય છે.